શ્રાવણનો સૌથી મોટો જુગાર પકડાયો

સે. ૭ પોલીસે રાત્રે ૨ વાગ્યે દરોડો પાડીને રૂ. ૨.૦૭ લાખ રોકડા સાથે ૧૦ જુગારીઓને પકડી પાડ્યા : એક આરોપી ભાગી ગયો : ૧૧ જુગારીઓમાંથી ચાર જણાં જુગાર રમતા-રમતા દારૂની મહેફીલ પણ માણતા હતા : રૂ. ૧૩.૨૮ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા. ૩૧

શ્રાવણ મહિનામાં રમાતા જુગાર પૈકીનો ગાંધીનગર જિલ્લાનો સૌથી મોટો જુગાર ગઈ રાત્રે સેક્ટર-૭ પોલીસે બાતમીને આધારે પકડી પાડ્યો છે. રાંદેસણ ગામના પ્રમુખ રેસીડેન્સી ફ્લેટમાં રાત્રે બે વાગ્યે દરોડો પાડીને પોલીસે રૂ. ૨.૦૭ લાખ રોકડા તથા ૧૩ નંગ મોબાઈલ અને બે ગાડીઓ મળીને રૂ. ૧૩.૨૮ લાખના મુદ્દામાલ સાથે ૧૦ જુગારીઓની ધરપકડ કરી લીધી છે. જ્યારે એક આરોપી સ્થળ પરથી ભાગી ગયો હતો. સે. ૭ પોલીસે ૧૧ શખ્સો વિરૂદ્ધ ગુનો દાખલ કરીને ફરાર થઈ ગયેલા શખ્સની શોધખોળ શરૂ કરી છે. જુગારીઓ પૈકી ચાર જણાં 'બ્લેન્ડર પ્રાઈડ વ્હીસ્કી' વિદેશી દારૂની મહેફીલ માણતા-માણતા જુગાર રમી રહેતા હોવાનું ધ્યાને આવતા તેમના વિરૂદ્ધ દારૂ પીધાનો ગુનો પણ નોંધવામાં આવ્યો છે.

સેક્ટર-૭ સિનિ. પી.આઈ. જે.એમ. ભરવાડને રાત્રે બાતમી મળી હતી કે રાંદેસણ ગામની પ્રમુખ રેસીડેન્સી ફ્લેટના મકાન નં. ૭૪માં દારૂની મહેફીલ ચાલી રહી છે. જેને આધારે પી.આઈ. ભરવાડ તેમની ટીમના પી.એસ.આઈ. એ.જી. રાઠોડ, કોન્સ્ટેબલ રતનસિંહ, મૃગેન્દ્રસિંહ, યજવેન્દ્રસિંહ સહિતના માણસો સાથે બાતમીવાળા સ્થળે પહોંચી ગયા હતા અને રાત્રે બે વાગ્યે દરોડો પાડ્યો હતો. દરોડામાં ધ્યાને આવ્યું હતુ કે દારૂની મહેફીલ સાથે જુગાર પણ મોટા પાયે રમાઈ રહ્યો હતો. રૂ. ૨.૦૭ લાખ રોકડા સાથે ૧૧ પૈકી ૧૦ જુગારીઓને ઝડપી લેવામાં આવ્યા હતા. જેમાં હિંમતનગર બ્રહ્માણીનગર વિસ્તારનો ચંદ્રપાલ મનહરસિંહ ભાટી, સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના ગેડ વિસ્તારનો રાઠોડ રણજીત કેશરીસિંહ, હિંમતનગરની જનકપુરી સોસાયટીમાં રહેતો પીનાકીન વિક્રમસિંહ ભાટી, હિંમતનગરના કીયાફતનગરમાં રહેતો યુનુશ પીરૂમીયા પઠાણ, દેરણા પંચાયત સામે રહેતો બળવંત બાબુસિંહ પરમાર, વિજાપુરના રાવળવાસમાં રહેતો રાવળ હર્ષદ કેશાભાઈ, હિંમતનગરના હડીયોલપુર છાપરીયા વિસ્તારના પંચાલ રમેશ અમૃતલાલ, દિનેશ રામજીભાઈ મકવાણા, હિંમતનગર કૃષ્ણનગરનો પારેખ રીનેશ જગજીવન અને ગાંધીનગરના રાંદેસણ ખાતેના પ્રમુખ રેસીડેન્સીમાં મકાન નં. ૭૪માં રહેતો મકાન માલીક વિનોદ જગજીવન પટેલ જુગાર રમતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. જ્યારે પ્રાંતિજના ગેડ વિસ્તારનો જુગારી દિલીપ ભુપત રાઠોડ સ્થળ પરથી ભાગી જવામાં સફળ રહ્યો હતો. સે. ૭ પોલીસે ૧૧ સામે જુગારનો ગુનો નોંધી ૧૦ની દરપકડ કરી લીધી છે. જ્યારે ફરાર થઈ ગયેલા શખ્સની શોધખોળ શરૂ કરી છે. જુગાર રમતા-રમતા તે પૈકીના ચાર જુગારી દારૂ પીતા હતા. બ્લેન્ડર પ્રાઈડ બોટલ સાથે પીધેલી હાલતમાં જુગાર રમતા હોવાનું બહાર આવતા ચાર વિરૂદ્ધ દારૂ પીધાનો કેસ પણ નોંધવામાં આવ્યો છે. જેમાં પીનાકીન, બળવંત, રમેશ અને મકાન માલીક વિનોદ પટેલનો સમાવેશ થાય છે. સે. ૭ પોલીસે રૂ. ૨.૦૭ રોકડા તથા રૂ. ૨૧ હજારની કિંમતના ૧૩ નંગ મોબાઈલ, પાંચ લાખની કિંમતની વર્ના ગાડી અને ૬ લાખની સ્કોર્પીયો ગાડી મળીને કુલ રૂ. ૧૩.૨૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ફતેપુરામાં ધમધમતા ૧૨ દેશી દારૂના પીઠાઓ પર દરોડા

સેક્ટર-૭ પોલીસે બે દિવસમાં બોલાવેલો સપાટો

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં આવેલા ફતેપુરા વિસ્તાર સેક્ટ-૧૫ ખાતે ઘણા સમયથી ધમધમતા દેશી દારૂના પીઠાઓ ઉપર સેક્ટર-૭ પોલીસે સપાટો બોલાવી દીધો છે. બે દિવસમાં ૧૨ પીઠાઓ પર દરોડા પાડીને બુટલેગરોની ધરપકડ કરી દેશી દારૂનો જથ્થો કબ્જે કરવામાં આવ્યો છે. જ્યારે દારૂ બનાવવા માટે વપરાતો વોશ અને અન્ય સામાનનો નાસ કર્યો છે.

સેક્ટર-૭ પોલીસમથકના સિનિ. પી.આઈ. તરીકે નિમણુંક પામેલા જે.એમ. ભરવાડે બાતમીને આધારે સેક્ટર-૧૫ ફતેપુરા વિસ્તારમાં ધમધમી રહેલા દેશી દારૂના અડ્ડાઓ પર રીતસરનો સપાટો બોલાવ્યો છે. સતત બે દિવસ ડીસ્ટાફ દ્વારા દરોડા પાડીને ૧૨ નાના-મોટા દેશી દારૂના અડ્ડાઓ પર સપાટો બોલાવ્યો છે. દેશી દારૂની પોટલીઓનો જથ્થો કબ્જે કરીને દારૂનો વોશનો સે. ૭ પોલીસે નાશ કર્યો છે. સિનિ. પી.આઈ.એ નિમણુંક પામતા જ બોલાવેલા સપાટાથી બુટલેગરોમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

ખ-૬ ચોકડી પાસે ભરાઈ રહેલા વરસાદી પાણીના નિકાલ અંગે રજુઆત

ગાંધીનગર, તા.૩૧

સેક્ટર-૨૬માં ખ-૬ ચોકડી પાસેના રહેણાંક વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ રહેવાની સમસ્યા સર્જાઈ છે. રોડનું લેવલ કરી અને દબાણો કરી વરસાદી પાણીનો નિકાલ કરવા પાટનગર યોજના વિભાગને વસાહતીઓએ રજૂઆત કરી છે.

સે-૨૬ કિસાનનગર સોસાયટીના ખ-૬ ચોકડી પાસેનારહેણાંક પ્લોટ નં. ૮૮ તથા ૫ થી લઈ ૧૨૧ સુધીના મકાનો આગળના રોડ ઉપર લેવલ ન હોવાને કારણે વરસાદી પાણી લગભગ દોઢથી બે ફૂટ જેટલાં ભરાઈ જાય છે. જેમાં ગટરનું દુષિત પાણી પણ ભળવાને કારણે રોગચાળો ફેલાવાની ભિતિ સેવાઈ રહી છે. વરસાદ બંધ થયા પછી સદર પાણી છ થી સાત દિવસ ભરાઈ રહે છે. વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થાય તેવી વ્યવસ્થા ગોઠવવાની તાતી જરુરિયાત છે.

વધુમાં સદર આંતરિક રોડ ઉપર રહીશો દ્વારા પોતાની મનમરજી મુજબ રોડાં, કોંક્રેટ નાખીને રોડ ઉપર અવરોધ ઉભો કરેલ છે. જેના કરણે પાણી વધુ ભરાઈ રહે છે તેમજ ખ-૬ પાસે જમીનનું લેવલ ઉંચુ હોવાથી સેક્ટર બહાર વરસાદી પાણીનો નિકાલ થઈ શકતો નથી. જેથી કરીને આંતરિક રોડ પાસે ચેમ્બર બનાવી વરસાદી પાઈપ લાઈન નાખી મેનહોલમાં જોડી દેવા વિનંતી છે.

તાત્કાલિક વરસાદી પાણીનો નિકાલ કરી આપવા તથા દબાણ હટાવી રોડ ખુલ્લા કરી દેવા વિનંતી છે તેમજ પ્લોટ નં. ૬૯૭ની બાજુમાં પણ પાણી ભરાઈ રહે છે તો તેનો નિકાલ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

રક્ષાબંધન નિમિત્તે નારી સંરક્ષણ ગૃહ ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩૧

નારી સંરક્ષણ ગૃહ ખાતે રક્ષાબંધન નિમિત્તે સીનીયર સીટીઝન કાઉન્સીલની મહિલા પાંખ દ્વારા વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં નારી ગૃહની બહેનોએ 'ભ્રુણ હત્યા પર' બે સુંદર નાટક અને ગીત રજુ કરેલ. સીનીયર સીટીઝન કાઉન્સીલના શ્રી ગીરાબેન પટેલે રક્ષાબંધનના મહાત્મય પર ખૂબ જ સરસ જાણકારી આપી હતી.

આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ શ્રીમતિ શર્મિષ્ઠાબેન દવે, શ્રીમતી લીનાબેન મહેતા તેમજ સીસીકાના પ્રમુખ શ્રીમતિ મીનાબેન શાહ તેમજ અન્ય કમીટીની બહેનો પણ હાજર રહ્યા હતા. સીસીકા દ્વારા સંસ્થાની બહેનોને ટુવાલ, કાંસકા તેમજ બાળકોને કપડાનું વિતરણ કર્યુ હતુ.

આ કાર્યક્રમનું સફળ સંચાલન શ્રીમતિ પલ્લવીબેન ગુપ્તેએ કર્યું હતું.



ગાંધીનગરનું ગૌરવ

ગાંધીનગર, તા. ૩૧

દૂરદર્શન પ્રવક્તા તથા બેંક ઓફ ઈન્ડિયામાં ફુષી મદદનીશ તરીકે ફરજ બજાવતા શ્રી જે.કે. પટેલના સુપુત્ર ચિ. કર્ષ જગદીશભાઈ પટેલ જે ગાંધીનગરની હિલવૂડ સ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે તેમની ૨૦૧૩ના રેંકીંગમાં વિશ્વની સૌ પ્રથમ ગણાતી 'માસાચુસેટ્સ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી' કેમ્બ્રીજ, યુ.એસ.એ. ખાતે 'સ્કોલર સ્ટુડન્ટ' તરીકે પસંદગી થતાં તા. ૨-૯-૧૩ના રોજ દિલ્હીથી વિમાન માર્ગે કેમ્બ્રીજ જવા રવાના થશે.

અવસાન નોંધ

સ્વ. ગીતાબેન માધવેન્દ્ર જહાનું બેસણું ૧૩૦/૪, રવિ એપાર્ટમેન્ટ, સેક્ટર-૧૯ ખાતે સાંજે ૪ થીદ દરમિયાન રાખવામાં આવ્યું છે.

અવસાન નોંધ

નલીનભાઈ (બી.એસ. એન.એલ) તથા ભરતભાઈ (ગુ.પા.પુ. બોર્ડ)ના પુ. પિતાશ્રી કાંતિલાલ નાથાલાલ ત્રિવેદી નું અવસાન ૨૯-૮-૨૦૧૩ના રોજ થતાં સ્વ.નું બેસણું ૨૯, પ્રતાપનગર સોસાયટી, મુ. પેથાપુર ખાતે તા. ૨-૯-૨૦૧૩ને સોમવાર સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ના રોજ રાખવામાં આવેલ છે.

પર્યુષણ પર્વ દરમ્યાન મટન/મચ્છીની દુકાનો બંધ રહેશે

ગાંધીનગર, તા. ૩૧

જૈનોના પવિત્ર પર્યુષણ પર્વ અવસરે તા. ૨ થી ૯મી સપ્ટેમ્બર દરમ્યાન મટન/મચ્છીની દુકાનોને બંધ રાખવા નાયબ મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારની હદના મટન/મચ્છીના વેપારીઓએ તેની નોંધ લેવી.

લઘુરૂદ્ર રૂદ્રાભિષેક મંડળ દ્વારા યોજાશે

ગાંધીનગર, તા. ૩૧

રૂદ્રાભિષેક મંડળના સ્વ. મનસુખભાઈ રાવલના નિવાસ સ્થાને આદર્શનગર, સેક્ટર-૨૪, પ્લોટ નં. ૭૭૨ ખાતે તા. ૨જી સપ્ટેમ્બરે સવારે લઘુરૂદ્ર યોજેલ છે. મંત્રી નરેન્દ્રભાઈ જાનીએ જણાવેલ છે.

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બીજીએ મીટીંગ યોજાશે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની સપ્ટેમ્બર માસની બેઠક પ્રમુખ લવજીભાઈ વાડીઆના અધ્યક્ષ સ્થાને તા. ૨ સપ્ટેમ્બરના રોજ સેક્ટર-૨૧માં નમન એપોર્ટમેન્ટમાં પાંચ કલાકે સાંજે યોજાશે. શહેરની સફાઈ રખડતાં ઢોર, ફૂતરાંના ત્રાસથી મુક્તિ આપવા આધારકાર્ડની મુશ્કેલી નિવારણ સરકારના વ્યવહાર નાખુશીની ચર્ચા વિચારણા કરવામાં આવશે. મહામંત્રી નિરંજન ઓઝાએ જણાવેલ છે.

ઝુલેલાલ-સાંઈબાબા મંદિરે સત્યનારાયણ કથા યોજાશે

ગાંધીનગર, તા. ૩૧

સેક્ટર-૩૦ શ્રી ઝુલેલાલ સાંઈબાબા મંદિર પરિસર ખાતે આગામી તા. ૫મી સપ્ટેમ્બરને ગુરૂવારના દિવસે બપોરના ૩.૦૦ કલાકથી ૫.૦૦ કલાક દરમ્યાન ભગવાન શ્રી સત્યનારાયણની કથા મહારાજ શ્રી મહેશભાઈ રાવલની નિશ્રામાં યોજાશે.

સત્યનારાયણની કથા-પૂજામાં બેસવા ઈચ્છા ધરાવતા શ્રદ્ધાળુઓએ મંદિર ખાતે પોતાનું નામ નોંધાવવું તથા કથા-આરતી અને મહા-પ્રસાદનો લાભ લેવા ધર્મ-પ્રેમીઓને સિંધી પંચાયત, ગાંધીનગરના પ્રમુખ, શ્રી લાલચંદ ગોપાલાણીએ ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યું છે.

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની બેઠક સંપન્ન

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના સેક્ટર-૨માં નિવાસ કરતાં પેન્શનર મિત્રોની બેઠક તાજેતરમાં સરકારી દવાખાના સામેના બગીચામાં સર્વશ્રી નિરંજન ઓઝા, ડી.પી. સંઘાણી, અમીધર જરદોશ, જીતેન્દ્રભાઈ પુરોહીત તેમજ મોટી સંખ્યામાં હાજર રહેલ પેન્શનર મિત્રોની ઉપસ્થિતિમાં મળી હતી. પ્રાર્થનાથી શરૂ થયેલ બેઠક પછી પ્રવર મંત્રીશ્રી ડી.પી. સંઘાણીએ ગત બેઠકમાં ચર્ચામાં લેવામાં આવેલ મુદ્દા તેમજ તે અંગે લેવામાં આવેલ પગલાંની જાણકારી આપી હતી. જ્યારે શહેરના પ્રશ્નો જેવા કે સફાઈ, મિલકત વેરા, ભ્રષ્ટાચાર, મોંઘવારી અંગે સંસ્થાએ લીધેલા પગલાં તેમજ હવે પછી લેવામાં આવનાર પગલાંની વિસ્તૃત માહિતી કારોબારી સભ્યશ્રી નિરંજન ઓઝાએ આપી હતી.

ગજાનન સેવા સમિતિ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાઈ ગયા. (તસવીર : દિપક જાની)

ફેસબુક ફ્રેન્ડે લગ્નની લાલચ આપી યુવતી પર બળાત્કાર ગુજાર્યો...!

ભરૂચથી અવારનવાર આવીને ઈન્ફોસીટીમાં નોકરી કરતી યુવતી સાથે ગાઢ મિત્રતા બનાવી ફરવા લઈ ગયો અને કોબા પાસે કારમાં મરજી વિરૂધ્ધ બળાત્કાર કર્યા બાદ યુવકે સંપર્ક તોડી નાંખતા ફરિયાદ

ગાંધીનગર, તા.૩૧

સોશ્યલ સાઈટ દ્વારા ગુનાઓને મળી રહેલા વેગનો વધુ એક કિસ્સો આજે ગાંધીનગરમાં પ્રકાશમાં આવ્યો છે. ફેસબુક પર ફ્રેન્ડ બનેલા ભરૂચના યુવાને ગાંધીનગરના ઈન્ફોસીટી ખાતેની ખાનગી કંપનીમાં નોકરી કરતી યુવતીને લગ્નની લાલચ આપીને ગાઢ મિત્રતા કેળવી લીધા બાદ ગાંધીનગર આવીને ગાડીમાં ફરવા લઈ ગયો અને કોબા પાસે ગાડીમાં જ મરજી વિરૂધ્ધ બળાત્કાર ગુજારી સંપર્કો તોડી નાંખ્યાનો કિસ્સો બનવા પામ્યો છે. યુવતીની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ભરૂચના શખ્સ વિરૂધ્ધ ગુનો દાખલ કરી ફરિયાદ શૂન્ય નંબરની અડાલજ પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કરી મોકલી આપી છે.

ગાંધીનગરના ઈન્ફોસીટી ખાતેની એક ખાનગી કંપનીમાં નોકરી કરતી ૨૨ વર્ષની યુવતી એકાદ વર્ષ પહેલા ભરૂચના ધ્રુવ જોષી નામના યુવક સાથે ફેસબુક મારફતે ફ્રેન્ડ બની હતી. ફેસબુક પર લાંબી વાતચીતો થવા લાગ્યા બાદ ધ્રુવ અવારનવાર ગાંધીનગર આવવા લાગ્યો હતો અને બંને સાથે ફરવા લાગ્યા હતા. બંને વચ્ચે મિત્રતા ગાઢ બની અને ધ્રુવે યુવતીને લગ્ન કરવાની લાલચ આપી હતી. ૮મી મેના રોજ ધ્રુવ તેના બે મિત્રો સાથે ગાડી લઈને ગાંધીનગર આવ્યો હતો અને ફેસબુક ફ્રેન્ડ યુવતીને પણ ગાડીમાં બેસાડીને ફરવા લઈ ગયો હતો. કોબા રોડ પર ગાડી લઈને ગયા બાદ કેનાલ પાસે ગાડી ઉભી રાખી અને બંને મિત્રો ત્યાં ઉતરી ગયા હતા. ધ્રુવ ગાડી આગળ લઈ ગયો અને સાઈડમાં પાર્ક કરી દઈને મરજી વિરૂદ્ધ તેણીની પર બળાત્કાર ગુજાર્યો હતો. દિવસો જતાં ધ્રુવે યુવતીનો ફોન ઉપાડવાનું ઓછું કરી દીધું અને ધીમે ધીમે સંપર્ક પણ તોડી નાંખ્યો હતો. જેને પગલે સે-૭ પોલીસ મથકે આજે યુવતીએ ધ્રુવ જોષી વિરૂધ્ધ લગ્નની લાલચ આપીને બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ આપતા ગુનો નોંધી અડાલજ પોલીસને ફરિયાદ શુન્ય નંબરથી મોકલી આપી છે.

દારૂની લત છોડાવવા નિવૃત્ત જમાદાર પિતા પર પુત્રએ હાથ ઉગામ્યો

સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા બાદ પિતાએ પુત્ર વિરૂદ્ધ પોલીસ ફરીયાદ નોંધાવી

ગાંધીનગર, તા. ૩૧

જમાદાર તરીખે નિવૃત્ત થયેલા બળદેવજી મેણા પેન્શનના આવતા રૂપિયાથી દારૂની લતે ચઢી જતાં દિકરાએ દારૂની લત છોડાવવા માટે પિતા પર હાથ ઉગામ્યો હોવાનો કિસ્સો બનવા પામ્યો છે. પિતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દાખલ થઈ ગયા બાદ સેક્ટર-૨૧ પોલીસ મથકમાં પુત્ર વિરૂદ્ધ ગુનો નોંધાવ્યો છે. સે. ૨૧ પોલીસે ગુનો દાખલ કરી તટસ્થ તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૧ ચ-ટાઈપ બ્લોક નં. ૧૧/૧ ખાતે રહેતા નિવૃત્ત જમાદાર ૫૯ વર્ષિય બળદેવજી છનાજી મેણાને ૧૪ ઓગષ્ટે પેન્શનના પૈસા બાબતે તેમના જ દિકરા સુનિલ મેણાએ માર માર્યો હતો. બળદેવજી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં એમએલસી વર્ધી બાદ સેક્ટર-૨૧ પોલીસે બળદેવજીની ફરીયાદ લઈને તેમના દિકરા સુનિલ વિરૂદ્ધ માર માર્યો અંગેનો ગુનો દાખલ કરી જમાદાર વસંતકુમારે તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યુ છે કે નિવૃત્ત જમાદાર બળદેવજી દારૂ પીવાની લતે ચઢી ગયા હોવાથી પેન્શનના રૂપિયા વેડફી નાંખતા હતા અને અવારનવાર ઘરે ગાળ-ગાળી કરતા હતા. આ ત્રાસથી કંટાળી જઈને સુનીલે દારૂ છોડાવવા માટે પિતા પર હાથ ઉગામ્યો હતો. સે. ૨૧ પોલીસ દ્વારા આ ગુનાની તપાસ ચાલી રહી છે.

ગાંધીનગર રેશનલ સમાજની સભા રેશનાલીસ્ટ ડૉ. દાભોલકરની હત્યાને સખત શબ્દોમાં વખોડવામાં આવી

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર રેશનલ સમાજની એક વિશેષ સભા તાજેતરમાં યોજાઈ ગઈ. જેમાં મહારાષ્ટ્ર અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિના પ્રમુખ અને પ્રખર રેસનાલીસ્ટ એવા શ્રી ડૉ. નરેન્દ્ર દાભોલકરની હત્યાને સખત શબ્દોમાં વખોડી કાઢી હતી. સંસ્થાના પ્રમુખશ્રી ભાનુપ્રસાદ પુરાણીએ ડૉ. દાભોલકરે કરેલા કાર્યોને યાદ કરી તેમને સ્મરણાંજલિ આપી હતી.

તેઓશ્રી છેલ્લા ત્રીસેક વર્ષથી મહારાષ્ટ્રમાં અંધશ્રદ્ધા નિર્મૂલનનું કામ કરતા હતા. વ્યવસાયે પતિ-પત્ની બંને ડૉક્ટર હતા પરંતુ છેક ૧૯૮૨ થી તેમણે ડૉક્ટરીનો ધીકતો વ્યવસાય છોડી માનવ સમાજમાંથી અંધશ્રદ્ધા નિર્મૂલન કરવામાં લાગી ગયા હતા. તેમણે ૧૯૮૯માં મહારાષ્ટ્રમાં અંધશ્રદ્ધા-નિર્મૂલન સમિતિની સ્થાપના કરી હતી. ત્યારબાદ શ્રી અનિલભાઈ પટેલે જણાવ્યું હતું કે ગાંધીનગર રેસનલ સમાજ પણ ગુજરાતમાં આવો કાયદો અમલમાં આવે તે હેતુથી એક ઠરાવ રેશનલ સમાજ ગાંધીનગર કરશે અને તે ટુંક સમયમાં જ ગુજરાત સરકારને સુપરત કરી અંધશ્રદ્ધા નિર્મૂલન કાયદાની માંગણી કરવામાં આવશે જેથી કરીને સમાજમાં અંધશ્રદ્ધાને નામે થતુ શોષણ અને છેતરપીંડી અટકી શકે અને સ્વસ્થ સમાજની રચના કરી શકાય.

આ સભામાં શ્રી ચતુભાઈ ચૌહાણ, પ્રવિણભાઈ ગઢવી તથા વાગ્મિનભાઈ બૂચ, ભીખાભાઈ અમીન જેવા ૫૦ થી વધુ રેશનાલીસ્ટ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં પંકજભાઈ પટેલ સભામાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૫
સૂર્યાસ્ત : ૬.૫૪

તાપમાન

મહત્તમ : ૩૩.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૬૫ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૯.૩૦, ૨.૪૫, ૭.૪૫
૫ કોન્જુરીંગ : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૪૫

: સ્ક્રીન-૨ :
સત્યાગ્રહ : ૯.૦૦, ૧૨.૦૦ ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૩ :
સત્યાગ્રહઃ ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
મદ્રાસ કાફે : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૧૫

સૂર્યા, વાવોલ

સત્યાગ્રહ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વોન્ટેડ ચાઈલ્ડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
સત્યાગ્રહ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
મદ્રાસ કાફે : ૧૦.૦૦, ૧.૦૦, ૭.૦૦
સત્યાગ્રહ : ૪.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
સત્યાગ્રહ : ૧૧.૦૦, ૮.૧૫, ૧૧.૦૦
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૨.૦૦
મુંબઈ અગેઈન : ૫.૦૦

ચિરાગ, કલોલ

સત્યાગ્રહ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધાર્મિક

- શ્રી શિવ-શક્તિ મહિમ્ન સ્ત્રોત મંડળ સેક્ટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્ત સંજય પંડયા નિવાસ સ્થાન ૧૪૨/૫, કડી સ્કુલ ૪- નંબર ગેટની સામે, શિવ મહિમ્ન પાઠ તથા સ્તુતિ વંદના.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેક્ટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે બારુમાલ ૧૨ માં જ્યોર્તિલીંગના પ્રવાસે

આપની આજ

મેષ : અટકેલા કામ થશે. નિશ્ચિતતાથી કાર્ય કરવું. પ્રગતિવર્ધક સમાચાર મળશે. વ્યાપાર-વ્યવસાયિકમાં કાર્યક્ષેત્રનો વિકાર અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે. નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે.

વૃષભ : પ્રતિષ્ઠિત વ્યક્તિઓથી સંબંધોમાં ઘનિષ્ઠતા આવશે જેનો લાભ ભવિષ્યમાં મળશે. સંબંધ પ્રત્યે વિશેષ સાવધાની રાખવી પડેશે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. વ્યાપાર તથા નોકરીમાં ચિંતા દૂર થશે.

મિથુન : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે તાર્ય કરવું. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

કર્ક : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. ભૂલ કરવાથી વિરોધી હાવી થઈ શકે છે. સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમત્તાથી કરવો. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

સિંહ : દેવાની ચિંતા ઓછી થશે. પરસ્પર સંબંધોને મહત્વ આપો. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે. ધર્મમાં આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો બનશે.

કન્યા : માનસિક સંતોષ પ્રસન્નતા રહેશે. સંતાનની પ્રગતિ થશે. સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે. આપને સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ થવાના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે.

તુલા : ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

વૃશ્ચિક : ઘરમાં મહેમાન આવશે. સત્સંગ થશે. આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. આપને આજે ઋણથી મુક્ત થઈ શકશો. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે.

ધન : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સામાજિક માન સન્માનમાં વધશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

મકર : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યો થશે.

કુંભ : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

મીન : વધુ ખર્ચ ન થાય તેની કાળજી રાખવી. આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે. વિરાધીઓ પરેશાન કરી શકે છે.

ચિરવિદાય

- સ્વ. મધુબેન જેઠાલાલ પંડ્યા (ઉ.વ. ૬૦)પ્લોટ નં. ૧૭૫૪/૨, સેકટર-૨/ડી, ગાંધીનગર.
- સ્વ. પ્રવિણાબેન ભૂપેન્દ્રભાઈ પટેલ (ઉ.વ. ૬૯)પ્લોટ નં. ૧૨૫, બીજે માળ, સેકટર-૧૯, ગાંધીનગર.
- સ્વ. જમનાબેન ગોવિંદભાઈ ભરવાડ (ઉ.વ. ૧૯)સેકટર-૨ ઉના છાપરાં, ગાંધીનગર.
- સ્વ. ગીતાબેન માધવેન્દ્ર જહા (ઉ.વ. ૬૬)પ્લોટ નં. ૧૩૦/૪, રવિ એપાર્ટમેન્ટ, સેકટર-૧૯, ગાંધીનગર.